ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર | રવિવાર ૯ નવેમ્બર, ૨૦૨૫ | ૫

રાજ્ય સરકારે કાર્યવાહીનો આદેશ આપ્યા છતાં કમિશ્નર દ્વારા અમલવારી નહીં કરાતાં વહીવટી તંત્ર સામે સવાલો ઊઠ્યાં

નડિયાદ મનપામાં ભરતીનો રેકર્ડ અભેરાઈએ ચડી ગયો!

બોગસ જાતિના પ્રમાણપત્રો અને માર્કશીટ આધારે ભરતી કરાયાની શંકા

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 8

નડિયાદ નગરપાલિકામાં થયેલા ચકચારી ભરતી કૌભાંડનો મુદ્દો ફરી એકવાર ગરમાયો છે, પરંતુ આ વખતે મુદ્દો કાર્યવાહીના ગંભીર અભાવને લઈને સપાટી પર આવ્યો છે. રાજ્ય સરકારે આ મામલે સખત વલણ અપનાવતા ભરતી કૌભાંડ સંબંધિત તમામ સરકારી રેકર્ડ નવરચિત નડિયાદ મહાનગરપાલિકાના કમિશ્નરને તાત્કાલિક કાર્યવાહી કરવાના આદેશ સાથે મોકલી આપ્યો હોવા છતાં, લાંબો સમય વીતી જવા છતાં કમિશ્નર દ્વારા આ ફાઈલ અભેરાઈએ ચઢાવી દેવામાં આવી છે. પરિણામે, બોગસ જાતિના પ્રમાણપત્રો, બોગસ માર્કશીટ્સ અને ગેરલાયક ઠેરવાયેલી રાજકીય આશ્રિતોની ભરતી રદ્દ કરવાની અંતિમ કાર્યવાહી લટકી પડી છે, જેના કારણે વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે અને સરકારી આદેશોની અવગણનાનો માહોલ સર્જાયો છે.

તત્કાલિન નડિયાદ નગરપાલિકાના આ બોગસ 26 લોકોના ભરતી કૌભાંડની શરૂઆત 2014માં થઈ હતી, જ્યારે નડિયાદ નગરપાલિકામાં વિવિધ પદો પર ગેરકાયદેસર રીતે 26 લોકોને રોજમદાર તરીકે ભરતી કરવામાં આવ્યા હતા. આ ભરતી પ્રક્રિયામાં 3200થી વધુ લાયક ઉમેદવારોની અવગણના કરીને તત્કાલિન સત્તાધીશોએ પોતાના માનીતા લોકોને નોકરીઓની લ્હાણી કરી હતી. આ મામલે 73/2014થી એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી અને નામદાર હાઈકોર્ટે તાત્કાલિક આ ભરતી પ્રક્રિયા પર સ્ટે આપ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકારે તપાસના આદેશ આપ્યા હતા, જેના પગલે ખેડા-નડિયાદના કલેક્ટરશ્રીએ 8/5/2018ના રોજ રાજ્ય સરકારને અહેવાલ સુપરત કર્યો હતો કે, આ ભરતી પ્રક્રિયા ખોટી છે. આ અહેવાલના આધારે તા. 3/07/2018ના રોજ નિમણૂકો રદ કરવા અને જવાબદારો સામે ગુનો દાખલ કરવાના આદેશો પણ કરવામાં આવ્યા હતા. જોકે, આ આદેશો હોવા છતાં, તમામે તમામ સંબંધિત પક્ષોએ તેની અમલવારી કરી નહોતી અને અરજદારની કાયદાકીય લડત ચાલુ રહી હતી. આ સમગ્ર પ્રકરણે 24/12/2024ના રોજ રવિન્દ્ર ખટોલે દ્વારા તમામને નોટિસ બજાવવામાં આવી, ત્યારે નગરપાલિકાનું રૂપાંતર મહાનગરપાલિકામાં થઈ ચૂક્યું હતું અને નડિયાદ મ્યુનિસિપલ કમિશ્નર હસ્તક તેનું અસ્તિત્વ આવ્યું. સદર બોગસ ભરતી અને બઢતી કૌભાંડ સંદર્ભે આખરી નિર્ણય લેવા માટે, નડિયાદ મ્યુનિસિપલ કમિશ્નરે તેમના પત્ર નં. A/357/24/25 તા. 25/02/2025 ના રોજ પ્રાદેશિક કમિશ્નર, અમદાવાદ પાસેથી માર્ગદર્શન માંગ્યું હતું. આ પત્રમાં ઉલ્લેખ હતો કે, તત્કાલિન નગરપાલિકાના સમયગાળામાં ઉદ્ભવેલા વહીવટી કેસોના નિકાલની કામગીરી નડિયાદ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા જ કરવાની થાય છે. તેઓએ તા. 23/06/2025ના રોજ હુકમ કર્યો છે કે, નડિયાદ નગરપાલિકાના સમયગાળામાં ઉદ્ભવેલા તા. 30/10/2019ના ઠરાવ નં. 78 વિરુદ્ધ ગુજરાત નગરપાલિકા અધિનિયમ 1963ની કલમ 258 (1) હેઠળના પ્રકરણના નિકાલ અંગે GPMC એક્ટની કલમ 493ની કલમ 2, 3, અને 4 મુજબ નડિયાદ મનપાના તમામ સંબંધિત કાગળો સાથેનું સંપૂર્ણ પ્રકરણ આખરી નિર્ણય માટે હવે નડિયાદ મહાનગરપાલિકાને સોંપવામાં આવ્યું છે અને કાર્યવાહી કરવા જણાવાયું છે. રાજ્ય સરકાર તરફથી તમામ રેકર્ડ કાર્યવાહી અર્થે કમિશ્નરને સોંપી દેવામાં આવ્યો હોવા છતાં અને કાર્યવાહી કરવાની સત્તા કમિશ્નર હસ્તક આવ્યાને મહિનાઓ વીતી ગયા હોવા છતાં, ભરતી કૌભાંડમાં સંડોવાયેલા આ ભ્રષ્ટ ભરતી પામેલા કર્મચારીઓ વિરુદ્ધ કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. ત્યારે હવે મનપા દ્વારા આ મામલે કાર્યવાહી કરાશે કે કેમ? તે અંગે અનેક પ્રશ્નો ઉઠ્યા છે.

નડિયાદના ફાયર ઓફીસરની ડીગ્રી સામે પ્રશ્નાર્થ

ફાયર ઓફીસર આર્ટ્સમાં ગ્રેજ્યુએટ છતાં ફાયર સિક્યુરીટીની ડીગ્રી મેળવવા અંગે તપાસની માંગણી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

નડિયાદના ફાયર ઓફીસરની ડીગ્રી સામે પ્રશ્નાર્થ કરતી અને તેમની કામગીરી સહિત એજન્સીઓમાં ભાગબટાઈ કરતા હોવાના આક્ષેપ સાથેની ફરીયાદ મહાનગરપાલિકાના કમિશ્નરને લેખિતમાંકરવામાં આવી છે. આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરી અને કાયદેસરના પગલાં લેવાની માંગણી ઉઠી છે. જેથી હવે મનપાના અધિકારી આલમમાં ભારે ફફડાટનો માહોલ છે.

નડિયાદ મહાનગરપાલિકાના ફાયર ઓફીસર દિક્ષીત પટેલ સામે એક મહિલા અરજદારે ફરીયાદ કરી છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, નડિયાદ નગરપાલિકામાં દિક્ષીત ઉર્ફે સંદીપભાઈ વિનોદભાઈ પટેલની 1995માં પટ્ટાવાળા તરીકે ભરતી થઈ હતી અને 1996માં તેમને કાયમી કરવામાં આવ્યા હતા. તેઓ આર્ટ્સમાં ગ્રેજ્યુએટ હોવા છતાં નાગપુરમાં ડીસ્ટ્રીક્ટ ફાયર સિક્યુરીટીની ડીગ્રી મેળવી છે, તે પેચીદો પ્રશ્ન છે. ફાયર સિક્યુરીટીનું એડમિશન મેળવવા સાયન્સમાં ગ્રેજ્યુએશન જરૂરી છે. તેમજ વિષયોમાં ફીજીસ્ક, કેમેસ્ટ્રી મેથેમેટીક્સ હોય તો જ એડમીશન મળતુ હોય છે અને આ તમામ વિષયો સાથે સાયન્સમાં ગ્રેજ્યુએશન ફરજીયાત છે. જેથી આર્ટ્સમાં ગ્રેજ્યુએશન કર્યુ હોવા છતાં ફાયરની ડીગ્રી કઈ રીતે મેળવી તેની તપાસ કરવાની માંગણી કરાઈ છે.આ ટ્રેઈનીંગની ભલામણ દિક્ષીતભાઈના ભાભી દિપલબેન અમિતભાઈ પટેલ નડિયાદ નગરપાલિકાના પ્રમુખ હતા, ત્યારે કરી હોવાનો પણ આરોપ લગાવાયો છે. આ ઉપરાંત રાજ્યમાં ફાયરના ગંભીર બનાવો બન્યા છે, ત્યારે 2018થી અત્યાર સુધી ફાયર અધિકારીએ કેટલી ફાયર સિક્યુરીટીની એન.ઓ.સી. આપી છે તેની સ્થળ સ્થિતિની તપાસ કરવાની પણ માંગણી ઉઠી છે.

આ તરફ કોઈ બિલ્ડર, કારખાનેદારને ફાયર એન.ઓ.સી. મેળવવી હોય, તો તે માટે ફાયર ઓફીસર દિક્ષીત પટેલ પોતાની ભાગીદારી કંપની ઈનસાઈડ સોલ્યુશન, વડોદરાને જ કોન્ટ્રાક્ટ આપવા માટે દબાણ કરે છે અને આ કંપની દ્વારા પોતાની મનમાની મુજબની રકમ વસુલવામાં આવે છે. આ નાણાંથી જ પોતાના પરીવારના નામે બે નામી મિલકતો ખરીદી હોવાનું પણ જણાવાયુ છે. તેમજ બેનામી મિલકતો તપાસવાની માંગણી ઉઠી છે.

આ સિવાય દિક્ષીત પટેલને સ્વીમીંગ અને ક્લાઈબિંગ પણ આવડતુ ન હોય, નાણાંકીય વ્યવહાર કરી સર્ટીફીકેટ મેળવ્યુ હોવાનો પણ ગંભીર આક્ષેપ કરાયો છે. ત્યારે આ અંગે તપાસ કરાય તો ખૂબ મોટુ કૌભાંડ બહાર આવે તેવી આશંકાઓ વ્યક્ત કરાઈ છે. તેમજ સમગ્ર મામલે તપાસ કરી કાર્યવાહી કરવાની માંગણી પણ અરજદારે કરી છે.

ડીસામાં લાગેલી આગમાં ભીનુ સંકેલી લેવાયુ

દિક્ષીત પટેલ પાસે બનાસકાંઠા ફાયર વિભાગનો ચાર્જ હતો, તે સમયે ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હતી. જેમાં 4 લોકોના મોત થયા હતા. આ સમગ્ર કેસમાં પણ ભીનું સંકેલી લેવામાં આવ્યુ હોવાના આરોપ ફરીયાદમાં કરાયાછે.

ચરોતરમાં ફૂલગુલાબી ઠંડી : રાત્રિનું તાપમાન ગગડી 14 ડિગ્રીએ પહોંચ્યું

વહેલી પરોઢે ધુમ્મસ, બપોરે સામાન્ય ગરમી અને રાતભર ઠંડીના સુસવાટા

(પ્રતિનિધિ) આણંદ તા 8

આણંદ ખેડા અને મહીસાગર જીલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી આકાશ સ્વચ્છ જોવા મળ્યું છે. વાદળ છાયું વાતાવરણ બદલાતાં ફુલ ગુલાબી ઠંડીનો માહોલ છવાયો છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડી ના સુસવાટાનો અહેસાસ શરૂ થયો છે. માવઠાની અસર બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરતા જનજીવન પ્રભાવિત થયું છે. વહેલી સવારે વાતાવરણ ધુમ્મસમય બનતા હીલ સ્ટેશન જેવો નજારો લાગી રહ્યો છે. હાલમાં માવઠાની અસર ન હોય વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જણાઈ રહ્યો છે. જેમાં અગામી દિવસોમાં ન્યૂનતમ પારો થી 14 થી 18 ડી.સે અને મહત્તમ પારો ૩૦ ડી.સે. થી આસપાસ રહેવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. શનિવારે મહત્તમ તાપમાન 30 ડી.સે. અને લઘુત્તમ તાપમાન 14 જ્યારે ભેજના 84 ટકા અને પવનની ગતિ પ્રતિ કલાકે 2.6 નોંધાઈ છે. . છેલ્લા ત્રણેક દિવસથી વહેલી સવારે ધુમ્મસ છવાઈ જતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે જેમ જેમ સુર્યપ્રકાશ નીકળતો ગયો તેમ તેમ ધુમ્મસ હટી જાય છે. હવામાન વિભાગની આગાહી મુજબ ચરોતરમાં તીવ્ર ઠંડીનો દોર શરૂ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. લગ્નસરાની સિઝન ડીસેમ્બર માસમાં ઠંડીનું જોર વધે તેવી શક્યતાઓ છે.

લુણાવાડામાં કાર ટક્કરે વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.8

લુણાવાડાના મોટા સોનેલા ગામે મોડાસાથી લુણાવાડા તરફ જતા રોડ પર ભીક્ષાવૃતીનું કામ કરતા વૃધ્ધ સાથે અકસ્માતની દુર્ઘટના સર્જાઈ હતી. લુણાવાડા ખાતે રહેતા વૃધ્ધ 7મી નવેમ્બરના રોજ વહેલી સવારે ભીક્ષાવૃતી અર્થે ઘરેથી નીકળ્યાં હતા.જે દરમિયાન મોડાસાથી લુણાવાડા તરફ તેઓ રોડ ક્રોસ કરી રહ્યાં હતા.ત્યારે મોડાસા તરફથી પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવતી ફોર વ્હીલે વૃધ્ધને હડફેટે ચડાવ્યાં હતા.જેમા નરેન્દ્રભાઈ કંચનભાઈ તુરી (ઉ.વ.62)નું કરૂણ મોત થયુ હતુ. આ અંગે મૃતકના પુત્ર કપીલભાઈ તુરીએ ફોર વ્હીલ ગાડી નં.જીજે02ઈએ8537 ના ચાલક સામે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

કરમસદમાં સાસુ અને દિયરે પુત્રવધુનું મકાન પચાવી પાડ્યું

મૃતક પતિનું મકાન સોંપી આપવા માટે પોલીસમાં ફરીયાદ નોંધાવી

(પ્રતિનિધિ) આણંદ તા.8

કરમસદમાં વિધવા સ્ત્રીના પતિની તનતોડ મહેનતથી બનાવેલું મકાન પર સાસુ અને દિયરે ગેરકાયદેસર કબજો જમાવી દીધો છે.

કરમસદ ખાતે રહેતા ઋતુબેન અને તેમના પતિ સમીરકુમાર નીલકંઠ સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા હતા. દરમિયાન સમીરકુમારનું 8મી નવેમ્બર, 2023ના રોજ અવસાન થયું હતું. જો કે તેમના પતિદેવે તેમની હયાતીમાં કરમસદ લોખંડવાલા કોમ્પલેક્ષમાં મકાન રાખ્યું હતું. પતિના મૃત્યુ પછી ઋતુબેને મકાન પર ચાલતો લોનનો બોજો રૂ.ત્રણ લાખ ભરપાઈ કરવા માટે તેમના દિયરને જણાવ્યું હતું. તે સ્થિતિમાં ઋતુબેને મકાનમાં રહેવા દો અથવા તો બોજો ભરપાઈ કરી આપવાનુ કહેતા દિયરે પૈસા ભરવા માટે નનૈયો ભણ્યો હતો. તે સંજોગોમાં ઋતુબેને પતિના પીએફમાંથી રૂ.3 લાખ ભરીને મકાનનો બોજો છોડાવ્યો હતો. પરંતુ તે પછી પણ મકાનનો કબજો સોંપવા અંગે તેમના સાસુ અને દિયરે ઋતુબેનને ટટળાવ્યાં હતા. તે પરિસ્થિતિમાં ઋત્તુબેને રાસ ગામે રહેતા તેમના સાસુ અને દિયરને મકાનનો કબ્જો સોપવા અંગેની નોટીસ બજવી હતી. જે પછીથી તેઓ બન્ને રાસ ગામથી ઓકટોબર-2024થી કરમસદના મકાનમાં રહેવા આવી ગયા હતા. જોકે, મકાનનો કબજો નહી સોંપીને ઋતુબેનની હેરાનગતિ કરતા હતા. તે સંજોગોમાં ઋતુબહેન આણંદ લેન્ડ ગ્રેબીંગ કમિટીને અરજી આપી હતી. જે અન્વયે ફરીયાદ દાખલ કરવાનો હુકમ કર્યો હતો. આ અંગે ઋતુબેને તુષાર નવીનચંદ્ર પટેલ, ધર્મીષ્ઠાબેન નવીનચંદ્ર પટેલ (બન્ને રહે.કરમસદ) સામે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ખેડા જિલ્લાનો ફરિયાદ નિવારણ 27મીએ યોજાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

ગુજરાત સરકાર તરફથી જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે જિલ્લા સ્વાગત કાર્યક્રમ 27મીને ગુરૂવારના રોજ સવારના કલેકટર ખેડા-નડીઆદના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, મિટીંગ હોલ, નડીઆદ ખાતે યોજાશે.

ખેડા જિલ્લાના ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની 10મી સુધીમાં અરજી કરવાની રહેશે. આ અરજી ત્રણ નકલમાં, સુવાચ્ય અક્ષરોમાં એ/4 કાગળ ઉપર કરવાની રહેશે. આ ઉપરાંત અરજદારે પ્રશ્નની રજુઆત સંબંધિત કચેરીને કરેલ હોવી જોઈએ તેમજ પ્રશ્નની રજુઆત સંબંધિત તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કરેલી હોવી જોઈએ અને જો ત્યાંથી પડતર હોય તેવા પ્રશ્ન તેમજ જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય, તેવી આધાર - પુરાવા સહિત કરેલી રજુઆત જિલ્લા લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. એક જ વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે. અરજદારે અરજીના મથાળે જિલ્લા સ્વાગત કાર્યક્રમ ખાસ લખવાનું રહેશે. લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોઈ પણ અરજદાર એકથી વધુ પ્રશ્નો પૂછી શકશે નહી તેમજ અરજદારે પોતાનું પુરૂ નામ, સરનામુ, મોબાઈલ નંબર ફરજિયાત દર્શાવી સહી સાથે અરજી કરવાની રહેશે.

કણજરી ચોકડી પાસેથી 3 કિલો ગાંજા સાથે 3 શખસ ઝડપાયા

વડતાલ પોલીસ સ્ટેશન હદમાં ખેડા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની મોટી સફળતા

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 8

ખેડા-નડિયાદ સ્પેશિયલ ઑપરેશન ગ્રુપની ટીમે વડતાલ પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે નંબર 48 ઉપર કણજરી ચોકડી નજીકથી SOGએ 3.840 કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સહિત કુલ 4.54 લાખના મુદ્દામાલ સાથે 3 આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ મામલે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

SOG પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. ચુડાસમાને મળેલી બાતમીના આધારે, વડતાલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના નેશનલ હાઈવે નંબર 48 ઉપર કણજરી ચોકડી ખાતેથી અબ્દુલખાન ઉર્ફે ઢોલો ખાનસાબખાન પઠાણ (રહે. ચાંદણા ગામ, અમનપુરા, તા.જી.ખેડા), વિલાયતાખાન ઉર્ફે અરબાઝ ઈનાયતખાન પઠાણ (રહે. ચાંદણા, પઠાણ ફળીયું, તા.જી.ખેડા) અને ઈકબાલહુશેન ઉર્ફે મોજેદરિયા ગુલામનબી શેખ (રહે. માતર, નાની ભાગોળ, તા.માતર, જી.ખેડા)ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

આ ત્રણેય આરોપીઓ પોતાના કબજા ભોગવટાની એક નંબર વગરની સફેદ કલરની મારૂતી સ્વિફ્ટ કારમાં વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો રાખીને ખાનગી રાહે હેરાફેરી કરતા હતા. સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે તેમની પાસેથી વનસ્પતિજન્ય ગાંજો વજન 3.840 કિલોગ્રામ જેની કિંમત 1.92 લાખ ગણી જપ્ત કર્યો હતો. આરોપીઓના કબજામાંથી જપ્ત કરવામાં આવેલા મુદ્દામાલમાં ગાંજા ઉપરાંત 3 મોબાઈલ અને સ્વીફ્ટ કાર મળી કુલ 4.54 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જે મામલે વડતાલ પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પેટલાદ ખાતે મનરેગાના લોકપાલ ફરિયાદ સાંભળશે

(પ્રતિનિધિ) આણંદ, તા. 8

આણંદ જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ કરવામાં આવતી કામગીરીમાં શ્રમિકોને વેતન મળતું ન હોય, વેતન ઓછું મળતું હોય, વેતન મળ્યું ન હોય અથવા કોઈપણ જાતનો મનરેગામાં ભ્રષ્ટાચાર થયો હોય તથા રોજગારી માટે મનરેગામાં સમાવિષ્ટ ન કર્યા હોય તેવા કોઈ પ્રશ્ન હોય તો રાજ્ય સરકાર દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આણંદ ખાતે લોકપાલ તરીકે સુનિલકુમાર વિજયવર્ગીયની નિમણૂક કરવામાં આવી છે. તેઓ આ પ્રશ્ન સાંભળશે અને ગ્રામજનો રજૂઆત કરી શકશે.

આ ઉપરાંત મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજના (મનરેગા) ના લોકપાલ તરીકે આણંદ જિલ્લામાં મનરેગા હેઠળ કામ કરતા શ્રમિકોને કોઈપણ પ્રકારની સમસ્યા હોય, અનિયમિત વેતન મળતું હોય, ગેરરીતિ કે ભ્રષ્ટાચાર બાબતની કોઈપણ ફરિયાદ હોય તો કોઈપણ વ્યક્તિ જિલ્લા પંચાયત આણંદ ખાતે રૂબરૂ મળી શકશે અથવા પત્ર દ્વારા ફરિયાદ કરી શકે છે. આણંદ જિલ્લાના મનરેગા ના લોકપાલ સુનિલકુમાર વિજયવર્ગીય 10મી નવેમ્બર, સોમવારના રોજ તાલુકા પંચાયત કચેરી, પેટલાદ ખાતે બપોરે 1-30થી 2-30 કલાક દરમિયાન રજૂઆત કે ફરિયાદ રૂબરૂ મળી શકશે.

પેટલાદના કિન્નર અખાડા ખાતે કલેક્ટરે 'સર' અંગે સમજ આપી

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરી મતદારયાદી સંદર્ભે પ્રશ્નોની ચર્ચા પણ કરી

(પ્રતિનિધિ) પેટલાદ તા.8

આણંદ કલેક્ટર પ્રવિણ ચૌધરીએ પેટલાદ ખાતેના કિન્નર અખાડા ખાતે ખાસ મુલાકાત લઈને મતદારયાદી સંદર્ભે માર્ગદર્શન આપી વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે પેટલાદના ઉચ્ચ અધિકારી પણ હાજર રહ્યાં હતાં.

ભારતીય ચૂંટણી પંચ દ્વારા શરૂ થયેલા મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણ ચૌધરીએ ગંગારામી કિન્નર અખાડા,પેટલાદ ખાતે ગાદીપતી આરતીકુંવર મધુકુવર અને અન્ય કિન્નર સમાજની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં મતદાર ગણતરી ફોર્મની વિગતવાર માહિતી આપી અને સર સંબંધે તેમના પ્રશ્નોની ચર્ચા કરી હતી.

પેટલાદ ખાતેના ગંગારામી કિન્નર અખાડા ખાતે 110 મતદારો છે. આ મતદારોની બુથ લેવલ ઓફિસર મુલાકાત લે ત્યારે મતદાર યાદીમાં તેમના નામ સંબંધે કયા પ્રકારની વિગતો આપવાની રહેશે ? તથા આગામી મતદાર યાદીમાં તેઓના નામ જળવાઈ રહે તે માટે ફોર્મમાં લખ્યા મુજબના સંબંધિત પુરાવા તૈયાર રાખ્યા જિલ્લા ચુંટણી અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ગંગારામી કિન્નર અખાડા, પેટલાદના ગાદીપતી આરતીકુંવર મધુકુવરએ કલેકટર પ્રત્યે રૂબરૂ આવવા બદલ અને નવી મતદાર યાદી સંબંધી જાણકારી આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ સમયે પેટલાદ પ્રાંત અને મામલતદાર કચેરીના અધિકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225